પાના = નંબર = ૧

માનનીય અધ્યક્ષશ્રી "મહિલા અને બાળ વિકાસ" વિભાગ વિષે મારા વિચારૂ રજુ કરૂ છું.

માનનીય અધ્યક્ષશ્રી "સૌનો સાથ સૌનો વિકાસ"ની પરિકલ્પનાને સાકાર કરતુ બજેટ રજુ કરવા બદલ રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણા મંત્રી શ્રી કનુભાઈ પટેલનો આભાર માનું છું.

મહિલા વિકાસની વાત કરૂ તો માનનીય અધ્યક્ષશ્રી હું જે ગોંડલ વિધાનસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહી છું એ વિસ્તારમાં મહારાજા સર ભગવતસિંહજી ના શાસનમાં પણ મહિલા શિક્ષણ માટે વિશેષ ભાર મુકાયો હતો અને વર્ષો પહેલા ગોંડલ નાં વિદ્યાર્થીઓ માટે અન્ય વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસ કરવા સારૂ બેઠક રિઝર્વ રહેતી અને બહેનો માટે શિક્ષણ ફરજીયાત બનાવ્યું હતું. જે બાબતથી સૌ સભ્યશ્રીઓ પરિચિત હશે.

માનનીય અધ્યક્ષશ્રી રાજ્યના વિકાસમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ નું યોગદાન દેશ માટે નમૂના રૂપ રહ્યુંછે. રાજ્ય સરકાર આ વિભાગને વિશેષ મહત્વ આપે છે. આ વર્ષના બજેટમાં સરકારે રૂ. છ હજાર આઠસો પંચાસી કરોડની જોગવાઈ કરી છે જે મહિલા વિકાસ પ્રત્યે ની સરકારની પ્રતિબદ્ધતા નું દર્શન કરાવે છે. હું રાજ્ય સરકારનો ખુબ ખુબ અભાર માનું છું.

સમાજમાં દરેક જગ્યા એ મહિલાઓનુ પ્રતિનિધિત્વ જળવાય તે માટે સરકાર નક્કર કામ કરી રહી છે. રાજ્ય સરકારે બેટી બચાવો, કન્યા કેળવણી, વિધવા સહાય, વિધવા તાલીમ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, સરકારી ભરતીમાં ૩૩% અનામત, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ૫૦% અનામત, વિનામુલ્યે શીક્ષણ, અભયમ ૧૮૧ હેલ્પ લાઈન, વિગેરે આયોજનો થકી મહિલા સશકતીકરણ દિશામાં નક્કર આયોજન કરેલ છે.

ગુજરાતમાં પણ મહિલાઓના વિકાસને હંમેશથી વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેના માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ કાર્યરત છે. વિભાગ દ્વારા મહિલા અને બાળકોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓનું સફળ અમલીકરણ કરી "સૌનો સાથ સૌનો વિકાસ"ની વીભાવનાને ચરિતાર્થ કરી છે.

મહિલા વિકાસના અનેકવિધ કાર્યોનાં અમલીકરણમાં ગુજરાત હંમેશા કાર્યરત રહ્યું છે.

કોમળતાની સાથે અડગતા, સહનશીલતાની સાથે મક્કમતા, પરિશ્રમની સાથે પરમાર્થતા આ ઉપરાંત ધીરજ, ગંભીરતા, નિર્મળતા અને પ્રેમનો સમુચ્ચય એટલે નારી. પ્રકૃત્તિએ નારીમાં મુકેલા આવા અનેક ગુણોને વધુ સારી રીતે ખીલવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

મહિલાઓને આર્થિક ઉત્કર્ષ સાથે સામાજિક સુરક્ષાનું વાતાવરણ પૂરું પાડવા માટે સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. મહિલાઓ અને બાળકોના પોષણને સુદ્રઢ કરવા અને આંગણવાડીના ભૌતિક અને ડીજીટલ માળખામાં ગુણાત્મક વધારો કરવા સરકારે નિર્ણય કરેલ છે. કિશોરીઓના સર્વાંગી વિકાસ માટે પોષણ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. ઘરેલું હિંસા તેમજ જાતીય સતામણીનો ભોગ બનેલી મહિલાઓ માટે કાઉન્સેલીંગ, માર્ગદર્શન અને સંસ્થાકીય મદદ પૂરી પાડવા રાજ્યમાં પાંસઠ સેન્ટર કાર્યરત છે. આ યોજનાની ઉપયોગીતા અને અસરકારકતા જોતા પંદર નવા સેન્ટર શરુ કરવામાં આવશે.

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે રૂ.બે હજાર ત્રણસો ત્રેસઠ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા માટે રૂ. આઠસો સત્યાસી કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

૪

માનનીય અધ્યક્ષશ્રી પૂર્ણા યોજના હેઠળ કિશોરીઓને વિતરણ કરવામાં આવતા ટેક હોમ રાશન માટે રૂ. ત્રણસો ચુમાલિશ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી મુખ્યમંત્રી માતૃશકિત યોજના હેઠળ સગર્ભા અને ધાત્રીમાતાને એક હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી બે કિલો ચણા, એક કિલો તુવેરદાળ અને એક લીટર ખાદ્યતેલ આપવામાં આવે છે. જેના માટે રૂ. ત્રણસો બાવીસ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી વ્હાલી દિકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે રૂ. બસો બાવન કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી આંગવાડી ૨.૦ યોજના અંતર્ગત આંગણવાડીઓના માળખાકીય વિકાસ માટે રૂ. અઢારસો કરોડના ખર્ચે અમલી બનનાર યોજના માટે રૂ. બસો કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

~~માનનીય અધ્યક્ષશ્રી આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના હેઠળ બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓને ફ્લેવર્ડ ફોર્ટીફાઈડ દુધ આપવા માટે રૂ. એકસો બત્રીસ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.~~

માનનીય અધ્યક્ષશ્રી નારી અદાલત મહિલાઓ માટે, મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતી બિન ઔપચારિક ન્યાય પ્રણાલી છે. જ્યાં મહિલાઓ પોતાના પ્રશ્નોનો વિનામૂલ્યે અને સરળતાથી ઉકેલ લાવી શકે છે. રાજ્ય સરકાર દ્વારા દરેક તાલુકાઓ તેમજ મહાનગરપાલિકાઓમાં બસો સીતેર નારી અદાલતો શરુ કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં નારી અદાલતના માધ્યમથી પાંચ હજાર થી વધુ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલ પહેલી વખતની સગર્ભા માતા હોય ત્યારથી બાળક ૨ વર્ષ સુધીનું થાય ત્યાં સુધી બાળકની માતાને દર માસે એક્સ્ટ્રા રો રેશનમાં ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણા અને ૧ કિલો ફોર્ટીફાઈડ સીંગતેલ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ. બસો ૧૪ ચવુદ કરોડની જોગવાઈ સામે અંદાજે એક લાખ એનસી હજાર લાભાર્થી માટે રૂ. એકસો ચવુદ કરોડ થી વધુ નો ખર્ચ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી વ્હાલી દીકરી યોજના હેઠળ સમાજમાં દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવા અને બાળલગ્ન અટકાવવા તેમજ દીકરીઓની આર્થિક-સામાજીક સ્થિતિ મજબુત કરવા માટે આ યોજના અમલમાં મુકવામાં આવી છે. નવેમ્બર-૨૦૨૩ સુધીમાં કુલ બે લાખ તેર હજાર એકસો પાંત્રીસ દીકરીઓને આ યોજના અંતર્ગત સહાય આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી દરેક જિલ્લા પંચાયતો દ્વારા મહાનગરપાલિકા/નગરપાલિકા/જીલ્લાપંચાયત ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ઔદ્યોગિક સંસ્થાઓના સંકલનથી રૂ. બે લાખની ખર્ચમર્યાદામાં મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે નવેમ્બર-૨૦૨૩ અંતિત અઠાવિશ મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી ગુજરાતના મહિલા ઉધમીઓ દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજ વસ્તુઓને બજારની સુવિધા પૂરી પાડવા આ યોજના અમલમાં છે. વર્ષ: ૨૦૨૩-૨૪ માં નવેમ્બર-૨૦૨૩ સુધીમાં તેર મેળાનું આયોજન કરેલ છે. જેમાં કુલ છસો એકાવન મહિલા હસ્તકલા કારીગરો દ્વારા રૂ. ત્રણસો અગિયાર લાખનું વેચાણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી મારૂ વક્તવ્ય પૂર્ણ કરૂ છું. આભાર.